**અગ્રતા ક્રમ-** **૦૭**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૯૭

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની**
**તારીખ: ૨૬/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર**

**પ્રશ્ન : જુનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેનો મત વિસ્તાર :-

**શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટીયા (માંગરોળ)**

**અનુક્રમણિકા**


| ક્રમ | પ્રશ્નનો વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | **પ્રશ્ન** | 3 |
| ૨ | **પ્રશ્નનો જવાબ** | 3 |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન–૧ ધારાસભ્યશ્રી– શ્રી ભગવાનજીભાઇ કરગટીયા**<br>કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી અને કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ? | 4 |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન–૨ ધારાસભ્યશ્રી–**<br>કુંવરબાઈનું મામેરૂ યોજનામાં જુનાગઢ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવી? | 5 |
| | **પૂરક માહિતી** | |
| ૪.૧ | જુનાગઢ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજનાની અરજીઓ (સમય ગાળો તા.૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩) | 6 |
| ૪.૨ | જુનાગઢ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમા થયેલ સિધ્ધિ અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક | 7 |
| ૪.૩ | રાજયમાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક | 8 |
| ૪.૪ | જુનાગઢ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નામંજૂર કરેલ અરજીઓની વિગત દર્શાવતું પત્રક<br>(સમય ગાળો તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩) | 9 |
| ૪.૫ | **પુરક નોંધ** | 15 |

# 7

**જુનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

*15/4/1797: **શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટીયા** (માંગરોળ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) | ૬૨૧૫ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૬૧૯૮ |
| (૩) | તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) | રૂ.૭૪૩.૭૬ લાખ |

------------------

**અગ્રતા ક્રમ - ૭ પૂરક પ્રશ્ન-૧**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટીયા (માંગરોળ)**

**પૂરક પ્રશ્ન – ૧ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી અને કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ?**

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

જુનાગઢ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકા વાર કુલ ૬૨૧૫ અરજી મળી અને રૂ.૭૪૩.૭૬ લાખની સહાય ચુકવામાં આવી

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **ચુકવેલ સહાયરકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧૨૦૩ | ૧૪૩.૫૨ |
| ૨ | ભેસાણ | ૪૦૦ | ૪૭.૬૪ |
| ૩ | વિસાવદર | ૪૯૩ | ૫૯.૦૪ |
| ૩ | મેંદરડા | ૩૧૪ | ૩૭.૬૮ |
| ૪ | માળીયા | ૯૮૭ | ૧૧૮.૪૪ |
| ૫ | માંગરોળ | ૧૦૫૯ | ૧૨૬.૬૦ |
| ૬ | કેશોદ | ૯૧૩ | ૧૦૯.૩૨ |
| ૭ | વંથલી | ૩૯૮ | ૪૭.૭૬ |
| ૮ | માણાવદર | ૪૪૮ | ૫૩.૭૬ |
| **કુલ** | | **૬૨૧૫** | **૭૪૩.૭૬** |

| **અગ્રતા ક્રમ - ૭ પૂરક પ્રશ્ન–૨** |
| --- |
| **પુછનાર ધારાસભ્યશ્રી :** |
| **પૂરક પ્રશ્ન –૨ :– કુંવરબાઈનું મામેરૂ યોજનામાં જુનાગઢ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવી?** |

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

જુનાગઢ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કુલ ૧૮,૪૮૬ લાભાર્થીઓને રૂ.૨૧૧૯.૦૬ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

# અગ્રતા ક્રમ – ૭ પૂરક માહિતી

## જુનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ
## સમય ગાળો તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | | મંજુર અરજીઓ | | | તે પૈકી ચુકવેલ સહાય | | | ના મંજુર કરેલ અરજીઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનુસૂચિત જાતિ | વિકસતી જાતિ | કુલ | અનુસૂચિત જાતિ | વિકસતી જાતિ | કુલ | અનુસૂચિત જાતિ | વિકસતી જાતિ | કુલ | અનુસૂચિત જાતિ | વિકસતી જાતિ | કુલ |
| ૧ | જૂનાગઢ | ૧૪૬ | ૧૦૫૭ | ૧૨૦૩ | ૧૩૯ | ૧૦૫૭ | ૧૧૯૬ | ૧૬.૬૮ | ૧૨૬.૮૪ | ૧૪૩.૫૨ | ૦૭ | ૦૦ | ૦૭ |
| ૨ | ભેસાણ | ૩૫ | ૩૬૫ | ૪૦૦ | ૩૫ | ૩૬૨ | ૩૯૭ | ૪.૨૦ | ૪૩.૪૪ | ૪૭.૬૪ | ૦૦ | ૦૩ | ૦૩ |
| ૩ | વિસાવદર | ૬૦ | ૪૩૩ | ૪૯૩ | ૫૯ | ૪૩૩ | ૪૯૨ | ૭.૦૮ | ૫૧.૯૬ | ૫૯.૦૪ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૪ | મેંદરડા | ૩૫ | ૨૭૯ | ૩૧૪ | ૩૫ | ૨૭૯ | ૩૧૪ | ૪.૨૦ | ૩૩.૪૮ | ૩૭.૬૮ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | માળીયા | ૮૬ | ૯૦૧ | ૯૮૭ | ૮૬ | ૯૦૧ | ૯૮૭ | ૧૦.૩૨ | ૧૦૮.૧૨ | ૧૧૮.૪૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | માંગરોળ | ૧૦૫ | ૯૫૪ | ૧૦૫૯ | ૧૦૧ | ૯૫૪ | ૧૦૫૫ | ૧૨.૧૨ | ૧૧૪.૪૮ | ૧૨૬.૬૦ | ૦૪ | ૦૦ | ૦૪ |
| ૭ | કેશોદ | ૧૦૮ | ૮૦૫ | ૯૧૩ | ૧૦૬ | ૮૦૫ | ૯૧૧ | ૧૨.૭૨ | ૯૬.૬૦ | ૧૦૯.૩૨ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૮ | વંથલી | ૬૮ | ૩૩૦ | ૩૯૮ | ૬૮ | ૩૩૦ | ૩૯૮ | ૮.૧૬ | ૩૯.૬૦ | ૪૭.૭૬ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | | **૭૩૫** | **૫૪૮૦** | **૬૨૧૫** | **૭૨૧** | **૫૪૭૭** | **૬૧૯૮** | **૮૬.૫૨** | **૬૫૭.૨૪** | **૭૪૩.૭૬** | **૧૪** | **૦૩** | **૧૭** |

## અગ્રતા ક્રમ - ૭ પૂરક માહિતી

### જુનાગઢ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજનાના પાંચ વર્ષની માહિતી

| ક્રમ | વર્ષ | અનુસૂચિત જાતિ | | વિકસતી જાતિ | |
|---|---|---|---|---|---|
| | | સિધ્ધી | ખર્ચ | સિધ્ધી | ખર્ચ |
| ૧ | ૨૦૧૯–૨૦ | ૫૫૧ | ૫૫.૧૦ | ૧૮૮૫ | ૧૮૮.૫૦ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૩૦૭ | ૩૦.૭૦ | ૧૭૮૮ | ૧૭૮.૮૦ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૪૮૮ | ૫૮.૬૪ | ૨૮૦૩ | ૩૦૮.૬૦ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૮૮૨ | ૧૦૨.૫૦ | ૪૪૨૭ | ૫૫૪.૬૨ |
| ૫ | ૨૦૨૩–૨૪ ( જાન્યુઆરી ૨૦૨૪ અંતિત ) | ૬૯૫ | ૮૩.૨૨ | ૪૬૬૦ | ૫૫૮.૩૮ |
| | **કુલ** | **૨૯૨૩** | **૩૩૦.૧૬** | **૧૫૫૬૩** | **૧૭૮૮.૯૦** |

| અગ્રતા ક્રમ - ૭ પૂરક માહિતી |
|---|
| રાજ્યમાં કુંવરબાઈનું મામેરૂ યોજના<br>હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક |

| ક્રમ | વર્ષ | અનુસૂચિત જાતિ | | વિકસતી જાતિ | |
|---|---|---|---|---|---|
| | | સિધ્ધી | ખર્ચ | સિધ્ધી | ખર્ચ |
| ૧ | ૨૦૧૯–૨૦ | ૮૩૪૫ | ૮૩૪.૫૦ | ૨૮૪૩૮ | ૨૮૪૩.૮૩ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૪૮૦૧ | ૪૮૦.૧૦ | ૨૬૬૦૪ | ૨૬૬૦.૫૦ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૬૯૯૮ | ૭૫૨.૧૦ | ૩૫૦૬૫ | ૩૭૬૯.૧૫ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૧૧૧૫૦ | ૯૬૩.૨૬ | ૫૯૫૯૨ | ૬૯૬૭.૭૦ |
| ૫ | ૨૦૨૩–૨૪ ( જાન્યુઆરી ૨૦૨૪ અંતિત ) | ૯૧૯૦ | ૧૦૯૪.૩૬ | ૫૭૭૬૧ | ૬૮૮૭.૭૬ |
| **કુલ** | | **૪૦૪૮૪** | **૪૧૨૪.૩૨** | **૨૦૭૪૬૦** | **૨૩૧૨૮.૯૪** |

## अग्रता क्रम – ७ पूरक माहिती

### જુનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નામંજૂર કરેલ અરજીઓની વિગત દર્શાવતું પત્રક

### સમય ગાળો તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩

| ક્રમ | તાલુકાનું નામ | નામંજુર અરજીઓ | નામંજૂરના કારણો | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | આવક વધુ હોવાને કારણે | અનુસૂચિત જાતિના અરજદાર ન હોવાને કારણે | સમય મર્યાદા બાદ અરજી મળવાને કારણે | છુટાછેડા થયેલ હોવાથી | પુનઃલગ્ન હોવાથી | અગાઉ બે કન્યાને લાભ આપેલ હોવાથી | કુલ |
| ૧ | જૂનાગઢ | ૦૭ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૭ |
| ૨ | ભેસાણ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ |
| ૩ | વિસાવદર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૩ | મેંદરડા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | માળીયા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | માંગરોળ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૪ |
| ૬ | કેશોદ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૭ | વંથલી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | માણાવદર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | | ૧૭ | ૦૪ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૭ | ૧૭ |

| અગ્રતા ક્રમ - ૭ પુરક નોંધ (વિકસતી જાતિ કલ્યાણ) |
| --- |
| **કુંવરબાઇનું મામેરૂ યોજના** |

**કુંવરબાઇનું મામેરૂં:-**

- **હેતુ :**
  - સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગોની વ્યકિતઓને દિકરીનાં લગ્ન પ્રસંગે થતા ખર્ચમાં મદદરૂપ થવા માટે.
- **યોજનાની શરૂઆત :**
  - સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગોની કન્યાઓના લગ્ન પ્રસંગે **કુંવરબાઇનું મામેરૂં યોજના** સરકારશ્રીના તા.**૨/૫/૧૯૯૫**ના ઠરાવ ક્રમાંક: **એસ. સી. ડબલ્યુ. / ૧૦૯૧ / ૯૭૫ (બ)/જ**થી અમલમાં છે.
- **સહાયની રકમ અને સ્વરૂપમાં થયેલ સુધારા વધારા :**
  - શરૂઆતના તબક્કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગની કન્યાઓના લગ્ન પ્રસંગે મામેરા માટે રૂપિયા ૫૦૦૦/- પૈકી રૂપિયા ૨૦૦૦/- રોકડા સ્વરૂપે કન્યાના માતા પિતાને અને બાકીના રૂપિયા ૩૦૦૦/- કન્યાના નામે કિસાન વિકાસપત્રના સ્વરૂપે નાણાંકીય સહાય આપવામાં આવતી હતી.

- સરકારશ્રીના તા.૧૮/૫/૨૦૦૯ ના ઠરાવથી કન્યાને લગ્ન સમયે જરૂરી ઘર–વખરી ખરીદી શકાય તે માટે રૂપિયા ૫૦૦૦/– ચેકથી ચુકવવાનું ઠરાવવામાં આવેલ હતુ.
- સરકારશ્રીના તા.૧૩/૪/૨૦૧૨ના ઠરાવથી સહાયની રકમ રૂ. ૫,૦૦૦/– થી વધારીને રૂ. ૧૦,૦૦૦/– કરવામાં આવેલ.
- આ યોજનાનો લાભ લેવા માટે કન્યા જે સ્થળ/જિલ્લાની હોય તે જિલ્લા અધિકારીને અરજી કરી સહાયની રકમ કન્યાના વસવાટના જિલ્લામાંથી મેળવવાની રહે છે. આમ છતાં કુવરબાઈનું મામેરુ યોજના અને સાતફેરા સમુહલગ્ન યોજના એમ બન્ને યોજનામાં પાત્રતા ધરાવતી કન્યાઓને તેઓ પોતાના જિલ્લામાંથી લાભ મેળવશે નહીં તેવી બાંહેધરી મેળવીને સમુહલગ્નનું આયોજન જે જિલ્લામાં કરવામાં આવેલ હોય તે જ જિલ્લામાંથી બંન્ને યોજના હેઠળ અપાતી સહાયની ચુકવણી કરવા સરકારશ્રીના તા.૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૦૨૦૧૮/ ૨૭૮૯૧૧/અ.૧ થી મંજૂરી આપવામાં આવેલ છે.
- હાલમાં સરકારશ્રીના તા.૩/૬/૨૦૨૧ના ઠરાવ તથા તા.૮/૪/૨૦૨૧ના સુધારા ઠરાવ મુજબ સહાયની રકમ રૂ.૧૦,૦૦૦/– માં વધારો કરી કન્યાના નામે રૂ.૧૨,૦૦૦/– આપવા ઠરાવેલ છે, તેમજ નવા દરનો અમલ તા.૧/૪/૨૦૨૧થી કરવાનો રહેશે અને તા.૧/૪/૨૦૨૧ કે ત્યારબાદ લગ્ન કરનારને રૂ.૧૨,૦૦૦/– લેખે નવા દરનો લાભ આપવા ઠરાવવામાં આવેલ છે.

  **જે હાલમાં અમલમાં છે.**

➢ **<u>યોજનાના સરળ અમલીકરણ માટે કરવામાં આવેલ સુધારા:</u>**

- **સરકારશ્રીના તા.૨૧/૧૨/૨૦૨૧ના ઠરાવથી :**

  – અગાઉની ‘‘પુન: લગ્નના કિસ્સામાં આ લાભ મળવાપાત્ર રહેશે નહી’’ તે શરત રદ કરવામાં આવેલ છે.

  – સમયમર્યાદામાં અરજીના નિકાલ કરવા માટે સ્થળ તપાસ કરવાની જગ્યાએ ડોક્યુમેન્ટ આધારે અરજી મંજુર કરવાની પ્રકિયા કરવા ઠરાવેલ છે.

- **અગાઉ અરજી સાથે મેળવવામાં આવતા હતા તેવા નીચે મુજબના (નવ) આધાર–પુરાવા રજુ કરવામાંથી મુક્તિ આપેલ છે.**

(૧) કન્યાના પિતા/વાલીનું આધાર કાર્ડ

(૨) કન્યાના પિતાના રેશનકાર્ડની નકલ

(૩) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ કન્યાની જાતિનો દાખલો

(૪) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ યુવકની જાતિનો દાખલો

(૫) રહેઠાણનો પુરાવો

(૬) કન્યાની જન્મ તારીખનો પુરાવો

(૭) યુવકની જન્મ તારીખનો પુરાવો

(૮) યુગલનો સંયુક્ત ફોટો

(૯) લગ્ન કંકોત્રી

- **હવે નીચે મુજબના ફક્ત ચાર ડોક્યુમેન્ટના આધારે અરજી મંજુર કરવામાં આવે છે.**

  (૧) કન્યાનું આધાર કાર્ડ

  (૨) કન્યાના પિતા/વાલીની વાર્ષિક આવકનો દાખલો

  (૩) લગ્ન નોંધણી પ્રમાણપત્ર

  (૪) બેન્ક પાસબુક/રદ કરેલ ચેક (યુવતીના નામનું)

➢ **હાલમાં કુંવરબાઇનું મામેરૂં યોજનાનો લાભ લેવા માટેની શરતો:-**

- સરકારશ્રીના તા.૦૨/૧૧/૨૦૨૨ના ઠરાવ મુજબ હાલ ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં રૂ.૬.૦૦ લાખ આવક મર્યાદા નક્કી થયેલ છે.
- આ યોજનાનો લાભ કુટુંબની પુખ્ત વયની બે કન્યાના લગ્ન પ્રસંગે આપવામાં આવે છે.
- લગ્ન કરનાર કન્યા/યુવક લગ્ન માટે કાયદા અનુસારની નિયત લઘુત્તમ વય ધરાવતા હોવા જોઇએ.
- લગ્ન અંગેના જરૂરી આધાર/પુરાવા અરજી સાથે રજુ કરવાના હોય છે. કન્યાના માતા-પિતા/ વાલીએ આ યોજનાનો લાભ અગાઉ લીધેલ નથી તેવું સ્વ-ઘોષણા (Self-Declaration) આપવાનું રહે છે.
- લગ્ન થયાના બે વર્ષની અંદર સહાય મેળવવા અરજી કરવાની હોય છે.

- લગ્ન નોંધણી કરાવવાનું/નોંધાવવાનું ફરજીયાત છે.

## **યોજનાના સહાય માટેની કાર્યપધ્ધતિ**

- અરજદારે લગ્ન તારીખના બે વર્ષના સમયગાળામાં નિયત નમૂનામાં ઈ–સમાજ કલ્યાણ પોર્ટલ (**esamajkalyan.gujarat.gov.in**) પર ઓન લાઈન અરજી કરવાની રહે છે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તથા આર્થિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓએ પોતાના જિલ્લાના જિલ્લા નાયબ નિયામક (વિકસતિ જાતિ)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ)ને અરજી કરવાની રહે છે.
- આ યોજનાનો લાભ લેવા માટે કન્યા જે સ્થળ/જિલ્લાની હોય તે જિલ્લા અધિકારીને અરજી કરી સહાયની રકમ કન્યાના વસવાટના જિલ્લામાંથી મેળવવાની રહે છે. આમ છતાં કુવરબાઈનું મામેરુ યોજના અને સાતફેરા સમુહલગ્ન યોજના એમ બન્ને યોજનામાં પાત્રતા ધરાવતી કન્યાઓને તેઓ પોતાના જિલ્લામાંથી લાભ મેળવશે નહીં તેવી બાંહેધરી મેળવીને સમુહલગ્નનું આયોજન જે જિલ્લામાં કરવામાં આવેલ હોય તે જ જિલ્લામાંથી આ યોજનાના લાભ માટે અરજી કરી બંન્ને યોજનાનો લાભ લઈ શકે છે.
- સંબંધિત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા ડોક્યુમેન્ટની ચકાસણી કરી, તેઓના અભિપ્રાય સાથે અરજીઓ સંબંધિત જિલ્લાના જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ)જિલ્લા કચેરીએ આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવે છે.
- જિલ્લાકક્ષાએ જિલ્લા અધિકારીશ્રી દ્વારા પાત્રતા ધરાવતા અરજદારોની અરજીઓ મંજુર કરી DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) દ્વારા કન્યાને નિયમોનુસાર રૂ.૧૨,૦૦૦/– સહાય ચૂકવવામાં આવે છે.

# અગ્રતા ક્રમ - ૭ પૂરક નોંધ

## કુંવરબાઈનું મામેરૂ યોજના (અનુસૂચિત જાતિ કલ્યાણ)

**હેતુ**

- અનુસૂચિત જાતિની વ્યક્તિઓને દિકરીનાં લગ્ન પ્રસંગે ખર્ચમાં મદદરૂપ થવા માટે

**યોજનાની શરૂઆત**

- આ યોજનાનો અમલ વર્ષ ૧૯૯૫ થી શરૂ થયો છે.

**સહાયની વિગત**

- આ યોજના હેઠળ રૂ.૧૨,૦૦૦ની સહાય લાભાર્થીને ચુકવવામાં આવે છે.

- **પાત્રતાના માપદંડો**

  (૧) કન્યાનું આધારકાર્ડ
  (૨) લગ્નનોંધણીનું પ્રમાણપત્ર
  (૩) કન્યાના પિતા / વાલીનો વાર્ષિક આવકનો દાખલો
  (૪) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ કન્યાની જાતિનો દાખલો
  (૫) બેંક પાસબૂકના પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક
  (કન્યાના નામ પાછળ પિતા/વાલીનું નામ હોય તે)

**કાર્ય પદ્ધતિ :**

- લાભાર્થીએ લગ્ન પ્રસંગનાં બે વર્ષના સમયગાળામાં નિયત નમૂનામાં ઈ–સમાજ કલ્યાણ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહે છે .
- સંબંધિત તાલુકાનાં સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા દસ્તાવેજોના આધારે તેઓના અભિપ્રાય સાથે અનુસૂચિત જાતિના શહેરી વિસ્તારનાં લાભાર્થીઓની અરજીઓ નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ અને ગ્રામ્ય વિસ્તારનાં લાભાર્થીઓની અરજીઓ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયતને મોકલવામાં આવે છે.
- જિલ્લાકક્ષાએ અધિકારીશ્રી દ્વારા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને DBT (Direct benefit transfer) દ્વારા કન્યાને સહાય ચુકવવામાં આવે છે.